**સીક્કા પો.સ્ટેશનના ગુના રજી.નં. ૧૧૨૦૨૦૫૭૨૬૦૧૨૭/૨૦૨૬ ના કામે અરજદાર : જાડેજા અજયસિંહ રણજીતસિંહ રહે. સાપર, તા.જી.જામનગર નાઓની મુદ્દામાલ મોબાઈલ ફોન પરત મેળવવા માટેની અરજી લગત હુકમ:**

---

(૧) અરજદારે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ-૪૯૭ અન્વયે આપી જણાવેલુ છે કે, **પ્રોહિબિશન એકટની કલમ-૬૫(એ)(ઈ), ૧૧૬(બી)** મુજબના ગુનાના કામે કબજે લેવાયેલ મુદ્દામાલ **મોબાઈલ ફોન વીવો વી-૨૭ મોડેલનો જેના આઈ.એમ.ઈ.આઈ નં. ૮૬૩૦૬૭૦૮૮૮૯૧૨૭૯/૮૬૩૦૬૭૦૮૮૮૯૧૨૬૧ છે,** તે અરજદારની માલિકી કબજા ભોગવટાની હોય, સદરહુ મોબાઈલ ફોન તેઓની માલીકીનો હોય અને તે અંગેના આધાર તરીકે તેઓએ મુદ્ધામાલ મોબાઈલ ફોન ખરીદ કર્યાના બીલની નકલ રજુ કરેલ છે. સદરહુ કેસ ચાલતા સમયે જાય તેમ હોય જો વધુ સમય પોલીસસ્ટેશનમાં પડી રહે તો મુદ્દામાલને નુકશાન થાય તેમ છે અને અરજદારને આર્થિક નુકશાની વેઠવી પડે તેમ છે, જેથી વચગાળાની કસ્ટડીની શરતોને આધિન પરત મેળવવા વિનંતી કરેલી છે.

(૨) હાલની અરજી તથા તે સંબંધી દસ્તાવેજો ધ્યાને લીધા. તેમજ સદર ગુનાના કામે ત.ક.અમલદારનો અભિપ્રાય મંગાવવામાં આવતા તે અભિપ્રાય રજુ કરવામાં આવેલ છે અને તેમાં પણ સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અરજદારને પરત સોંપવા સામે વાંધો હોવાનો સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે.

(૩) સદરહુ ગુનાના કામે મુદ્દામાલ તરીકે **મોબાઈલ ફોન વીવો વી-૨૭ મૉડેલનો જેના આઇ.એમ.ઈ.આઈ નં. ૮૬૩૦૬૭૦૮૮૮૯૧૨૭૯/૮૬૩૦૬ ૭૦૮૮૮૯૧૨૬૧ છે,** જે કબજે કરવામાં આવેલ છે. હાલની અરજી સંબંધી અરજદારે દસ્તાવેજી પુરાવા લિસ્ટ રજૂ કરેલ છે, જે વંચાણે લેતાં તેમજ હાલની અરજી તથા તે સંબંધિત દસ્તાવેજો ધ્યાને લેતાં અરજદારે હાલના કામે પોતાના આધારકાર્ડની નકલ, મોબાઈલ ફોન ખરીદ કર્યાના બીલની નકલ રજુ કરેલ છે. વધુમાં હાલનો મુદ્ધામાલ મોબાઈલ ફોન અરજદાર/આરોપીના જ કબજામાંથી પોલીસે કબજે કરેલ છે જે હકિકત મુદ્ધામાલ પાવતી વંચાણે લેતા જણાય આવે છે. તેમજ પંચનામાની હકીકત તથા મુદ્દામાલ પાવતીની ઝેરોક્ષ નકલ રજૂ થયેલ છે તે જે વંચાણે લીધેલ છે. તેમાં મુદ્દામાલ પાવતી ધ્યાને લેતાં તથા અરજદારે રજૂ કરેલ મોબાઈલ ફોન ખરીદ કર્યાના બીલની ઝેરોક્ષ નકલ સાથે ચકાસતા ત.ક.અમલદારે હાલના કામે કબજે કરેલ મોબાઈલ ફોન અને અરજદારે માંગણી કરેલ મોબાઈલ ફોન એક જ છે તેવું સ્પષ્ટપણે ફલીત થાય છે.

(૪) પરંતુ આ કામે પોલીસ અભિપ્રાય વંચાણે લેતા સદરહુ મુદ્દામાલ **પ્રોહિબિશન એકટની કલમ-૬૫(એ)(ઈ), ૧૧૬(બી)** મુજબના ગુનાના કામે કબજે કરેલ હોય તેમજ આ ગુનાના કામે ૨૦ લીટર કરતા વધુ દારૂ મળી આવેલ છે. ગુજરાત પ્રોહિબિશન એકટ ૧૯૪૯ ની કલમ-૯૮(૨) અને ગુજરાત સરકારનો ધ ગુજરાત પ્રોહિબિશન (લીકર સેમ્પલ્સ એન્ડ ડિટરમિનેશન ઓફ ક્વોન્ટિટી સેઇસ્ડ લીકર) રૂલ્સ ૨૦૧૯ નો પરિપત્ર નંબર GG/103/2019/VDR/10/2009/2061-E-1 મુજબ ૨૦ લીટર

કરતા વધુ દારૂની હેરફેર માટેનો મુદ્દામાલ કોર્ટના ફાઇનલ જજમેન્ટ સુધી વચગાળાની કસ્ટડીથી બોન્ડ અથવા સ્યોરિટીથી છોડી શકાય તેમ નથી અને આ મેન્ડેટરી પ્રોવિઝન છે. હાલના ગુનાની ફરીયાદ જોતા સદર કામે જે મુદ્દામાલ દારુ કબજે કરવામાં આવેલ છે તે ૨૦ લીટર કરતા વધુ માત્રાની હેરાફેરીમાં કબજે કરવામાં આવેલ છે. જે સદરહુ પરીપત્ર વંચાણે લેતા ૨૦ લીટર કરતાં વધુ મુદ્દામાલ હોવાથી તે મુદ્દામાલ મોબાઇલ ફોનની વચગાળાની કસ્ટડી બી.એન.એસ.એસ.ની કલમ-૪૯૭ હેઠળ સોંપી શકાય નહી અને તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**-:: હુકમ ::-**

- આ કામના અરજદારની હાલની મુદ્દામાલ અરજી **નામંજૂર** કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૧૮ મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૮/૦૩/૨૦૨૬
જામનગર.

(એમ.કે.ખેર)
પ્રીન્સીપાલ સિનીયર સિવીલ જજ અને
અધિક ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ
જામનગર.